# સંકલન સમિતિની બેઠકમાં દબાણનો મુદ્દો છવાયેલો રહ્યો

### કલોલના દબાણો અંગે બળદેવજીનો આક્રોશ : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં હજુય પ્રોપર્ટીકાર્ડ મળ્યા નથી : ચાવડા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની આજે મળેલ બેઠકમાં ગેરકાયદે દબાણોનો મુદ્દો છવાયેલો રહ્યો હતો.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલમાં ઔદ્યોગિક ગૃહો તેમજ રાજકીય આગેવાનો દ્વારા ગૌચર, તળાવ અને સ્મશાનની ભૂમિમાં ઉભા કરાયેલા દબાણોને લઈ હતો. તેમણે દબાણો દૂર કરવામાં તંત્રના ઉદાસીન વલણ અંગે આક્રોશ ઠાલવ્યો હતો.

એક તબક્કે કલોલના વ્હાઈટહાઉસનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યુ હતુ કે આ અંગે વારંવાર રજુઆતો પછી પણ દબાણ અને તેની ગેરકાયદેસરતાની તપાસ પૂરી નહિ કરી તંત્ર શું સાબિત કરવા માગે છે. તેમણે કહ્યુ કે દબાણો જો તાકિદે દૂર કરવામાં નહિ આવે તો ના છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડશે.

આજની આ બેઠકમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં હજુય પ્રોપર્ટી કાર્ડ નહિ મળ્યા હોવાનું તેમજ દિવા તળે અંધારા જેવી સ્થિતિ વીજ કનેક્શનને લઈ જોવા મળી રહી છે.

લોકો પરેશાન થાય છે અને તંત્રને અધિકારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન નહિ મળતુ હોવાને કારણે પ્રશ્નો વણ ઉકલ્યા રહે છે.

ધારાસભ્યોએ આજે પેયજળના સંગ્રહ માટે બનાવવામાં આવેલી ટાંકીઓની સફાઈ પણ નિયમિત રીતે નહિ થતી હોવાની ગંભીર ફરિયાદ કરી હતી.

# શહેરમાં નવા ૯૦૦ આવાસો બાંધવા માટે ટુંકમાં આખરી આયોજન કરાશે

### સે-૬ માં હાલ નવા મકાનો બાંધવાની કામગીરી ચાલી રહી છે : સે-૭, સે-૨૯ અને સે-૩૦ બાદ જુના સેક્ટરોમાં હજુ પણ નવા ટાવરો ઉભા કરાશે : જુના અને જોખમી આવાસો ખાલી કરાયા બાદ ટુંકમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ચાર દાયકા જુના જુદી જુદી કક્ષાના આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જોખમી મકાનો તબક્કવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે જગ્યા ખુલ્લી થાય તેમ આ ઠેકાણે નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. શહેરના સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. આ આવાસોમાં હાલ રહીશોનો વસવાટ છે. શહેરમાં એકબાજુ રેહણાંકના મકાનો માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. પરંતુ તંત્ર પાસે રહેણાંકને લાયક મકાનો નથી આ સ્થિતિ વચ્ચે નવા આવાસો બાંધવા માટે ટુંકમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે તંત્ર દ્વારા શહેરમાં નવા ૯૦૦ મકાનો બાંધવા માટે વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૧૫ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો જોખમી બન્યા છે. શહેરમાં એક સર્વેના અંતે અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જોખમી મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર આ આવાસો ખાલી કરાવામાં આવી રહ્યા છે. જુદી જુદી કક્ષાના સરકારી આવાસો ખાલી કરાવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. સરકારી આવાસો તોડવાની સાથે નવા મકાનો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૬ માં નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ હાલ આ મકાનોમાં રહીશોનો વસવાટ પણ છે. શહેરમાં જુના અને જોખમી આવાસો તોડવામાં આવ્યા બાદ નવા મકાનો બાંધવા માટે પણ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે સ્થળ પસંદગી બાદ નવા મકાનો બાંધવાનુ કામ હાથ ધરાશે. એકબાજુ રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી. ત્યારે નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવતી નથી. શહેરમાં કર્મચારીઓને ફાળવવામાં માટે આવાસ નથી ત્યારે નવા આવાસો બાંધવાની કામગીરીમાં પણ ઝડપ આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા શહેરમાં ૯૦૦ મકાનો નવા બાંધવા માટે વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. આ આવાસોના નિર્માણ પાછળ રૂ ૩૧૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જો કે હજુ આવાસોના નિર્માણ સંદર્ભે વિભાગને સુપ્રત કરાયેલી દરખાસ્ત અન્વયે નિર્ણય લેવાયા બાદ આગળ કાર્યવાહી હાથ ધરાશે જયારે નવા આવાસો ઉભા કરવા માટે હજુ જગ્યા આખરી થઈ નથી પરંતુ જુના સેક્ટરોમાં નવા મકાનો બાંધવા માટે ટુંકમાં સ્થળ પસંદગી પણ કરી દેવાશે.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા રેવા ગ્રામ ખાતે રમતાં રમતાં ભણીએ વિષયે કાર્યક્રમ યોજાયો

દશેરાના તહેવાર નિમિત્તે સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા માણસાના મકાખાડ ખાતે રેવાગ્રામમાં બાળકો



સાથેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રમતાં રમતાં ભણીએ એ કાર્યક્રમમાં આનંદ સાથે ભણવાની, અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોને શીખવવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર, માણસા, ગ્રામ ભારતીથી આવેલા મિત્રોએ ભજન, કાવ્ય, ગીત, ઉખાણાં, બાળવાર્તા, પક્ષી જગતની રસપ્રદ માહિતી, કાગળની વિવિધ ટોપીઓ બનાવવાની કળા વગેરેની રજૂઆત કરી હતી. પ્રતાપનગર શાળા અને ગામનાં બાળકોએ ઉમળકાથી બધી પ્રવૃત્તિઓ માણી હતી. આ પ્રસંગે માણસાથી પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, દશરથભાઈ મોદી, હસમુખભાઈ આસોડિયા, કમલેશભાઈ દવે, કિરણ આગજા, આદિત્ય રાવલ, ધવલ બારડ, પિન્ટુભાઈ રાઓલ, વિજય વાઘેલા, કાજલબેન વાઘેલા, ગાંધીનગરથી રેખાબેન ભટ્ટ, બિપીનભાઈ ભટ્ટ, સુધાબેન પટેલ, પ્રજ્ઞાબેન પટેલ અને ગ્રામ ભારતી બી. આર. એસ. કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વિદ્યાર્થીઓએ પણ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. રાજેન્દ્રભાઈ વાઘેલાએ સમગ્ર સંચાલન સંભાળ્યું હતું. બાળકો અને હાજર સહુએ નાસ્તો માણી દશેરાની પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી.

## સચિન દીક્ષિત અને બાળકના ડી.એન.એ. મેચ થયા

ગાંધીનગર ના પેથાપુર સ્મિત નામના બાળકને તરછોડવાની ઘટનામાં ડીએનએ ટેસ્ટનો રિપોર્ટ આવી ગયો છે. તરછોડાયેલું બાળક સચિન દીક્ષિતનું જ હોવાનું પુરવાર થયુ છે. આરોપી સચિન દીક્ષિત અને બાળકના ડ્ઢદ્ગછ મેચ થયા છે. ત્યારે સમગ્ર કેસમાં પોલીસ માટે ડ્ઢદ્ગછ પરિણામો મહત્વપૂર્ણ પુરાવો બની રહેશે. બાળકને તરછોડવાના કેસમાં ગાંધીનગર કોર્ટે સચિન દિક્ષિતને જામીન આપ્યા હતા. લિગલ સેલ તરફથી મળેલા સચિનના વકીલને ગાંધીનગર કોર્ટમાં રજૂઆત કરી હતી. ત્યારે સચીનના વકીલે કોર્ટમાં કહ્યું કે, સચિનનો ગુનો જામીન લાયક છે. તેની સામે કલમ ૩૬૩ અને ૩૧૭ લગાવી છે. આ ગુનામાં અજાણ્યા ઈસમ સામે પોલીસે ફરિયાદ કરી છે. સચિનની સામે નામ જોગ ફરિયાદ નથી. તેથી સચિનને આ કેસમાં જામીન પર મુક્ત કરવામાં આવે. હજુ ડ્ઢહ્ર ટેસ્ટનો રિપોર્ટ આવવાનો બાકી છે. માટે તે સાબિત થતું નથી કે, ત્યજવામાં આવેલું બાળક સચિનનું જ છે. તેથી તેના પર ૩૬૩ અને ૩૧૭ કલમ લાગુ પડતી નથી. આ કારણે સચિનને જામીન મળવા જોઈએ. પેથાપુર ગૌશાળામાં બાળકને તરછોડવાની ઘટના બાદ રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો હતો. સચિન દીક્ષિતે તેની પ્રેમીકા અને આ બાળકની માતા મહેંદીની વડોદરાના દર્શનમ ઓએસિસ બિલ્ડિંગના ફ્લેટમાં ગળું દબાવી હત્યા કરી હતી.

# ગાંધીનગરમાં આરએસએસે બે સ્થાનો ઉપર વિજયાદશમી ઉજવી

### આરએસએસના ૯૬માં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ : ૨૦૦થી વધુ સ્વયંસેવકો દ્વારા કોવિડના નિયમ પાલન સાથે વિવિધ શારીરિક કાર્યક્રમોનું નિદર્શન કરાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં વિજયાદશમીના દિવસે આરએસએસના ૯૬માં સ્થાપના દિવસના ભાગરૂપે બે અલગ અલગ સ્થાનો ઉપર ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેર તેમજ આજુબાજુના નવીન વિસ્તારોમાં કુલ ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ દ્વારા ગણવેશમાં કોવિડ નિયમોના સંપૂર્ણ પાલન સાથે વિવિધ શારીરિક



કાર્યક્રમોનું શિસ્તબદ્ધ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દંડ, યોગ, પ્રહાર, સમતા, વ્યાયામ, યોગ, આસનો, યષ્ટિ તેમજ ૪૦ જેટલા બાળ સ્વયંસેવકો દ્વારા ગોપુરમના ત્રણ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા.

આ પર્વ નિમિત્તે સેક્ટર-૩ ન્યૂ માં યોજાયેલા દશેરાના કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના નાયબ નિયામક રસિકલાલ ગુણા અને મુખ્ય વક્તા તરીકે સામાજિક સમરસતા ગતિવિધિ ગુજરાત પ્રાંત સંયોજક ડો. હેમાંગ પુરોહિત તેમજ સેક્ટર-૨૬માં યોજાયેલ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે નિવૃત્ત નાયબ સચિવ અશોકસિંહ પરમાર, મુખ્ય વક્તા તરીકે ગુજરાત તેમજ પ્રાંત કાર્યકારણી સદસ્ય - સામાજિક સદભાવ પ્રાંત સંયોજક ઘનશ્યામભાઈ વ્યાસે વિજયાદશમી પર્વનું ધાર્મિક-સાંસ્કૃતિક મહત્વ તેમજ આરએસએસની સ્થાપના અને હેતુ, હિન્દુ સમાજનું સંગઠન અને



ભાઈચારામાં સંઘની ભૂમિકા, આતંકવાદ, લવ જેહાદ, ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ, ટેકનોલોજીનું મહત્વ, રાષ્ટ્રભાવના પરિવારનું મહત્વ, સમાજમાંથી જાતિ ભેદ નિર્મૂલન અને સમાજના તમામ વર્ગોને સાથે લઈને ચાલવું-વિકાસ કરવો સહિતના સમાજ-દેશમાં વર્તમાનમાં પ્રસ્તુત વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિજયાદશમી પર્વ નિમિત્તે બંને સ્થાનો ઉપર હિન્દુ ધર્મની પરંપરા મુજબ તમામ સ્વયંસેવકો-નાગરિકો દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આર.એસ.એસ ગુજરાત પ્રાંતના સંઘ સંચાલક ડૉ.ભરતભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા સંઘ ચાલક હર્ષદભાઈ પટેલ સહિત આરએસએસના વરિષ્ઠ કાર્યકર્તાઓ, સ્વયંસેવકો, ભાઈઓ-બહેનો અને બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને નિહાળ્યો હતો તેવું ગાંધીનગર નગર સંઘ ચાલક શંકરભાઈ ચાવડાની અખબારી યાદીમાં જણાવાયું હતું.

# આઈઆઈટી-ગાંધીનગરના પ્રોફેસર સેનાના કોમોન્ડેશન કાર્ડથી સન્માનિત

ગાંધીનગર તા.૧૬

પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી આઈઆઈટી-ગાંધીનગરના માટે સિવિલ એન્જિનિયરિંગ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.મનિષ કુમારને એકંદર નેતૃત્વ અને માર્ગદર્શન આપવા માટે કોમોન્ડેશન કાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતીય સેના માટે થ્રીડી પ્રિન્ટેડ સંરક્ષણ માળખું વિકસાવવા બદલ ભારતીય સેનાના દક્ષિણ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ જયસિંહ નૈન દ્વારા તેમને ભારતીય સેનામાં અનુકરણીય યોગદાન અને સેવાઓની માન્યતા તરીકે કોમોન્ડેશન કાર્ડ આપીને સન્માનિત કર્યા હતા તેવું .સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

આ કાર્ય આઈઆઈટી-ગાંધીનગર ખાતે સિવિલ



એન્જિનિયરિંગમાં પીએચડી સ્કોલર અને આઈઆઈટી ગાંધીનગર ઈનોવેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ સેન્ટરમાં ઈક્યુબેટેડ સ્ટાર્ટઅપ પ્રો.શશાંક શેખરની પીએચડી થીસીસનો એક ભાગ હતો. ઉલ્લેખનીય છે કે ભારતીય લશ્કરના કર્નલ નવલ જોશી અને મિસ્ટર રિષભ માથુર અને મિકેનિકલ એન્જિનિયરિંગના પીએચડી ભૂતપૂર્વ વિદ્યાર્થી અંકિતા સિન્હા અને માઈકોબની ટીમના સભ્યોએ પણ આ સંરક્ષણ માળખાના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હોવાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર જિલ્લામાં ૨૫મીથી સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૧નો આરંભ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૫મી ઓક્ટોબર, ૨૦૨૧થી સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૧નો આરંભ થનાર છે. આ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૧ના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારના સ્વચ્છતા અને પેય જળ જળ મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન ( ગ્રામીણ) યોજના હેઠળ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ- ૨૦૨૧નો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજયકક્ષાએથી તા. ૦૬ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૧નું આહ્વાન કરવામાં આવ્યું છે.

આજરોજ યોજાયેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે જણાવ્યું હતું કે, આગામી તા. ૨૫મી ઓક્ટોબર, ૨૦૨૧થી જિલ્લામાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ- ૨૦૨૧નો આરંભ થશે. આ માટે એજન્સી નક્કી કરવામાં આવી છે. સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ – ૨૦૨૧ અંગે ગામના તમામ લોકોમાં જાગૃતિ આવે અને તમામ નાગરિકો મોબાઈલ એપ્લીકેશનને સમજી, સ્વચ્છતા બાબતે પોતાનો પ્રતિભાવો આપે. તેમજ ગામના તમામ જાહેર સ્થળો જેવા કે, શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, દૂધ ધાર્મિક સ્થળો, જાહેર બજાર-ચોક, પંચાયત ઘર વગેરેની સાફ-સફાઈ રાખી અને સ્વચ્છતા બાબતે જાગૃત બને તેવી તમામ બાબતોની વિગતવાર વિસ્તૃત માહિતી આપી હતી.

આ જિલ્લા કચેરીઓના સહયોગથી તમામ ગામ, તાલુકા અને જિલ્લાને સ્વચ્છતા બાબતે નંબર – ૧ બનાવવાની અપીલ ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીએ કરી છે.

## ઠાર કરાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જમ્મૂ કાશ્મીર પોલીસે આ વર્ષે ઓગસ્ટમાં ટોપ ટેન આતંકવાદીઓની યાદી જાહેર કરી હતી. જેમાં ખાંડેનું પણ નામ હતું. ત્યારબાદ ઉમર મુશ્તાક ખાંડે સુરક્ષાબળોના નિશાન પર આવી ગયો હતો. પ્રદેશમાં અચાનક ટાર્ગેત કિલિંગની ઘટનાઓ શરૂ થતાં સુરક્ષબળોએ આતંકવાદીઓ વિરૂદ્ધ અભિયાનમાં તેજી લાવી દીધી. ત્યારબાદ શનિવારે ખાંડે સહિત બે આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા.

કાશ્મીર ઝોનના આઈજી વિજય કુમારે સિવિલિયન નાગરિકોની હત્યાની પાછળ કોઈપણ પ્રકારની સુરક્ષા ચૂકથી મનાઈ કરી છે. તેમણે કહ્યું કે તમામ સુરક્ષા પુરી પાડવી સંભવ નથી. એવામાં સામાનય નાગરિક આતંકવાદીઓ સરળ ટાર્ગેટ (સોફ્ટ ટાગેટ) થઈ શકે છે.

## જવાન ઘાયલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ટ્રેનથી જમ્મુ જઈ રહ્યાં હતાં ત્યારે ગ્રેનેડ ટ્રેનની બોગીમાં રાખતા જ બ્લાસ્ટ થઈ ગયો. જેમાં સીઆરપીએફના એક જવાનની હાલત અત્યંત ગંભીર છે કે, જેને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો છે. મોકા પર સીઆરપીએફના ઉચ્ચ અધિકારી પણ પહોંચી ગયા હતાં. તમને જણાવી દઈએ કે, આ પહેલાં ૧૭ જૂનના રોજ સિકંદરાબાદથી દરભંગા જંક્શન પહોંચેલી સિકંદરાબાદ દરભંગા એક્સપ્રેસના પાર્સલ વાનથી ઉતારવામાં આવેલા રેડીમેડ કપડાના પેકેટમાં બ્લાસ્ટ થયો હતો. ટ્રેન દિવસમાં ૧:૧૮ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૨ પર રોકાઈ. પછી પાર્સલ વાનમાંથી સામાનના પેકેટ ઉતારવામાં આવવા લાગ્યાં.

## કોંગ્રેસ અધ્યક્ષ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પદની ચૂંટણી થવાની છે. આ સંજોગોમાં બીજુ એક વર્ષ આ પદ ખાલી રહેશે. ઓક્ટોબર ૨૦૨૨માં કોંગ્રેસ પાર્ટીને તેના નવા પ્રમુખ મળશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી સપ્ટેમ્બરમાં યોજાશે. કોંગ્રેસ નેતા ગુલામ નબી આઝાદે સીડબલ્યુસી ની બેઠક દરમિયાન કહ્યું કે અમને સોનિયા ગાંધી જી પર સંપૂર્ણ વિશ્વાસ છે અને તેમના નેતૃત્વ પર કોઈ સવાલ ઉઠાવી રહ્યું નથી. તે જ સમયે, કાર્યકારી સમિતિની બેઠકમાં પક્ષના નારાજ નેતાઓનો જવાબ આપતી વખતે, પક્ષના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું કે મેં હંમેશા સ્પષ્ટતાની પ્રશંસા કરી છે. મીડિયા દ્વારા મારી સાથે વાત કરવાની જરૂર નથી. પોતાના ઉદ્ઘાટન સંબોધનમાં, સોનિયા ગાંધીએ કહ્યું કે સમગ્ર સંગઠન કોંગ્રેસને પુનર્જીવિત કરવા માંગે છે, પરંતુ આ એકતા અને પક્ષના હિતો માટે સર્વોચ્ચ હોવું જરૂરી છે. સૌથી ઉપર, તેને આત્મ-નિયંત્રણ અને શિસ્તની જરૂર છે.

પાર્ટી અધ્યક્ષ સહિત સંગઠનની ચૂંટણીઓ યોજવાની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કાર્યકારી સમિતિની બેઠકમાં લઈ શકાય છે. આ બેઠકમાં કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા હાજર હતા. બેઠકમાં આવનારી વિધાનસભાની ચૂંટણી અને લખીમપુર ખેરીની ઘટના એજન્ડામાં ટોચ પર રહી. આ સાથે રાજકીય અને કૃષિ સહિતના ત્રણ ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા. કોરોના મહામારી બાદ કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી) ની આ પ્રથમ બેઠક છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે પંજાબ, છત્તીસગઢ અને રાજસ્થાન જેવા કોંગ્રેસના રાજ્ય એકમોમાં પક્ષમાં અણબનાવ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમ, કોંગ્રેસના મુખ્યમંત્રી અશોક ગેહલોત (રાજસ્થાન), ભૂપેશ બઘેલ (છત્તીસગઢ) અને ચરણજીત ચન્ની (પંજાબ) સહિત કુલ ૫૨ કોંગ્રેસી નેતાઓ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. દિગ્વિજય સિંહ અને ડો.મનમોહન સિંહ સહિત પાંચ નેતાઓ બેઠકમાં હાજર રહ્યા ન હતા. એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે યોજાનારી બેઠકમાં વરિષ્ઠ નેતાઓ ગુલામ નબી આઝાદ અને આનંદ શર્મા પણ હાજર રહ્યા. આ બેઠક પાર્ટીના નારાજ જી-૨૩ જૂથના નેતાઓની માંગ પર બોલાવવામાં આવી છે, પરંતુ જી-૨૩ કેમ્પ કાર્યકારી સમિતિના મુખ્ય સભ્યોને બદલે, આમંત્રિત સભ્યો અને રાજ્યોના પ્રભારી પણ કહેવામાં આવ્યું છે કે તેઓ આમંત્રણથી નાખુશ છે. મે ૨૦૧૯ માં પાર્ટીની લોકસભાની હારને પગલે રાહુલ ગાંધીએ રાજીનામું આપ્યા બાદ સોનિયા ગાંધીએ ઓગસ્ટ ૨૦૧૯ માં કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યો હતો. જી૨૩ જૂથે સંપૂર્ણ સમય અને સક્રિય પાર્ટી અધ્યક્ષ તેમજ સંગઠનાત્મક પરિવર્તનની માંગ કરી હતી. ગુલામ નબી આઝાદ, આનંદ શર્મા, ભૂપિન્દર હુડા, પૃથ્વીરાજ ચવ્હાણ, કપિલ સિબ્બલ, મનીષ તિવારી અને મુકુલ વાસનિક સહિત જી૨૩ નેતાઓના જૂથે સોનિયા ગાંધીને પત્ર લખીને ગત વર્ષે ઓગસ્ટમાં પાર્ટીમાં તોફાન સર્જ્યું હતું. રાજ્યસભામાં વિપક્ષના ભૂતપૂર્વ નેતા ગુલામ નબી આઝાદે પણ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખીને ટૂંક સમયમાં સીડબલ્યુસી ની બેઠક બોલાવવા કહ્યું હતું.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ